ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



કોરોના ગાઈડલાઈનનો ચૂસ્ત અમલ - ગાંધીનગરની આ તસવીર અનેક સંદેશ આપે છે... ખાસ કરીને કોરોના કાળમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ કેવી રીતે પાળવું જોઈએ છે તેનું આબેહુબ ઉદાહરણ તસવીરો પ્રદર્શિત કરે છે... શહેરના જુના-નવા સચિવાલય વચ્ચેના નાનકડા મેદાનમાં મોર, સમુહમાં જરૂરી અંતર સાથે જારના દાણા ચણે છે... તો બરાબર સચિવાલય સામેની રેલીંગ પર વાનરો પણ સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે કતારમાં બેટા છે... અને ભોળા કબૂતરો ચણવા પણ શિસ્તબદ્ધ રીતે સોશ્યલ ડિન્સીંગનો ચૂસ્તપણે અમલ કરતા હોય એમ નજરે પડે છે... ગાંધીનગરના રવિવારે રજાના દિવસે પણ પશુ-પક્ષીઓ સરકાર પરિપત્રનો કેવો ચૂસ્ત અમલ કરી શકે છે અને માનવજાતને પ્રેરણા અને સંદેશ આપે છે... ચાલો અનુસરી તો કોરોનાને હરાવી શકીશું...

# રાહત : રિકવરી રેટ આ વખતે સૌથી વધુ સારો નોંધાયો

**સતર્કતા અને સાવધાની સાથે તંત્રને લોકો સહયોગ આપે એ જરૂરી : સોશ્યલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્કના નિયમનું પાલન કરે : સપ્તાહમાં ૫૦૦થી વધુ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યું છે**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં શહેર-જિલ્લામાં કોરોનાના કેસો પહેલી અને બીજી લ્હેરની તુલનામાં ઝડપથી વધી રહ્યા છે પરંતુ રિકવરી રેટ સારો છે અને મૃત્યુદર ૦ ટકાએ હોવાથી તંત્ર અને લોકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.

શહેર-જિલ્લામાં ૨૯૦૦ જેટલા કેસ નોંધાઈ ચુક્યા છે પણ રિકવરી રેટ સારો નોંધાયો છે. છેલ્લા એક સપ્તાહમાં જ ૫૦૦ થી વધુ દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. કોરોનાથી કોઈ દર્દીનું મૃત્યુ હજુ સુધી નોંધાયું નથી.

સંક્રમણ વધ્યુ છે પોઝીટીવીટી રેટ પણ વધ્યો છે પરંતુ લક્ષણો માઈલ્ડ રહેતાં હોમ આઈસોલેશનનો વિકલ્પ દર્દીઓ વધુ પસંદ કરી રહ્યા છે. તંત્રએ પણ હોમ આઈસોલેશનના દર્દીઓનું મોનીટરીંગ અસરકારક કરવામાં આવે તેમજ ટેસ્ટીંગમાં વધારો અને સઘન સર્વેલન્સ પર ભાર મુક્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં હોમ આઈસોલેશનના દર્દીઓના મોનીટરીંગ માટે સંજીવની રથ ૬ જેટલા શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરમાં પણ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં જ ધન્વન્તરી રથના ભ્રમણના સમયમાં વધારો કરી સર્વેલન્સ વધારવામાં આવ્યુ છે.

રિકવરી રેટ સારો અને હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તંત્રને રાહત જરૂર છે. પણ તંત્રએ પરિસ્થિતિને ઝડપથી કાબુમાં લેવા માસ્ક ફરજીયાત અને સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તેના પર ભાર મુક્યો છે. સર્વેલન્સ સઘન કર્યુ છે. લોકોને પણ સાવધ રહેવા જણાવ્યુ છે.

પોઝીટીવીટી રેટ વધારે હોવાથી લોકોની સતર્કતા અને

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કોરોનાના નવા ૨૦૩ કેસ

**૧૫૪ દર્દીને ડિસ્ચાર્જ અપાયું : ૭૯ મહિલા દર્દી, ૨૦ દર્દી ૬૦ કે તેથી વધુ વયના : ૧૦ દર્દી ૧૧ થી ૨૦ વર્ષના નોંધાયા : સરગાસણમાં ૨૦, કુડાસણમાં ૧૧, પેથાપુરમાં ૧૪, વાવોલમાં ૭, રાંદેસણમાં ૯ કેસ, કોબામાં ૬ કેસ, સે. ૨ માં ૧૩, સે. ૨૪ માં ૧૨, સે. ૨૭માં ૧૧, સે. ૭ માં ૧૦, સે. ૨૧માં ૮, સે. ૨૬, ૮ અને સે. ૪ માં ૭-૭ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૨૦૩ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૮૦૦ને પાર કરી ગઈ છે. શહેરમાં ખુબ ઝડપથી સંક્રમણ વધી રહ્યું હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં કોરોનાના કેસો વધી રહ્યા છે પણ માઈલ્ડ લક્ષણો ધરાવતા દર્દીઓ વધુ છે. આજે નોંધાયેલા કેસોમાં પણ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં કોરોના ગાઈડલાઈન્સના ચુસ્ત અમીલકરણ અંગે તંત્રએ તાકીદ કરી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૭૯ મહિલા દર્દીઓ છે. ૧૦ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયજૂથના છે જ્યારે ૨૦ દર્દી ૬૦ કે વધુ વય ધરાવતા દર્દીઓ સંક્રમિતોની યાદીમાં છે.

શહેરમાં ૬૦ કે તેથી વધુ વયના અને મહિલા તેમજ બાળ દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૧૩ કેસ સેક્ટરોમાં અને ૯૦ જેટલા કેસ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે.

શહેરમાં આજે ૧૦ વર્ષ કે તેથી ઓછી વય ધરાવતા ૧૪ દર્દીઓ નોંધાયા છે. જે આજ સુધી આ વયજૂથમાં નોંધાયેલા દર્દીઓની સંખ્યાની દષ્ટિએ વધુ છે.

૧૦ કે તેથી ઓછી વર્ષના બાળકોમાં સે. ૩ માં ૨ વર્ષનું બાળક, સે. ૪ માં ૩ વર્ષની દિકરી,

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં ૬૧ નવા કેસ

**દહેગામમાં ૨, કલોલમાં ૨૮, ગાંધીનગરમાં ૨૬, માણસામાં ૫ કેસ : ૨૦ મહિલા, ૧ તબીબ, ૧૦ વિદ્યાર્થી, એક શિક્ષક સંક્રમિતોની યાદીમાં**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ ૬૧ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૭૮૫ પર પહોંચી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા વધ-ઘટ થતી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૨ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે આજ સુધીમાં ૨૪૫ દર્દીઓ સાજા થઈ જતાં તેમને રજા આપવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૦ મહિલા, ૧૦ વિદ્યાર્થી, ૧ તબીબ, ૧ પોલીસ, ૧ શિક્ષક, ૧ પત્રકાર, ૫ ખેડૂતોનો સમાવેશ થાય છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૨, ગાંધીનગરમાં ૨૬, કલોલમાં ૨૮ અને માણસામાં ૫ કેસનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# કોલ્ડવેવમાં રાહત : ઠંડીનો પારો એક રાતમાં ૫ ડિગ્રી ઉંચકાયો

**ચાર પાંચ દિવસમાં ફરી એકવાર વાતાવરણ પલ્ટાની અસર જોવા મળે તેવી સંભાવના : કોરોના અને ઠંડીના કહેરથી જનજીવન પ્રભાવિત**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં ઠંડીનો પારો એક જ રાતમાં ૫ ડીગ્રી ગગડતા નગરજનોએ આજે આક્રમક કોલ્ડવેવમાં રાહત અનુભવી હતી છેલ્લા એક સપ્તાહથી ઠંડીથી તોબા નગરજનો કાતિલ કોલ્ડવેવથી ઘરમાં પુરાયેલા રહેવાનુ પસંદ કરી રહ્યા છે. આકરી ઠંડીની સાથે સુસવાટા મારતા પવનનુ જોર પણ છેલ્લા ચાર પાંચ દિવસથી વધુ રહેતા નગરજનો સુન્ન પડી ગયા હતા. આજે ઠંડીનુ જોર ઘટતા લઘુત્તમ તાપમાન ૧૨.૨ ડીગ્રી એ આવી ગયુ હતુ જયારે દિવસનુ તાપમાન પણ એક ડીગ્રી ઉચકાયુ હતુ ગઈકાલની સાપેક્ષમાં ભેજનુ પ્રમાણ વધ્યુ હતુ જયારે આગામી ચાર પાંચ દિવસમાં વાદળિયા વાતાવરણ વચ્ચે ગમે ત્યારે વરસાદી છાંટણા થાય તેવી પણ સંભાવના હવામાન તજજ્ઞોએ વ્યકત કરી છે.

ગાંધીનગરમાં છેલ્લા આઠ દિવસ સુધી ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં રહ્યા બાદ આજે ઠંડીનુ જોર ઓછુ થયુ હતુ. ઠંડીનો પારો એક જ રાતમાં સીધો ૫ ડીગ્રી નીચે સરકી ગયો હતો જેના લીધે નગરજનોએ આકરી ઠંડીમાં રાહત અનુભવી હતી. શહેરમાં ગત તા ૯ જાન્યુઆરીથી ઠંડીએ કહેર વર્તાવ્યો છે. આકરી ઠંડીની સાથે સુસવાટા મારતા ઠંડા પવનનુ જોર વધુ રહેવાથી નગરજનો સુન્ન પડી જાય તેવા કોલ્ડવેવની અસરથી શહેરમાં સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો. ઉતરાયણ અને વાસી ઉતરાયણના દિવસે પણ આકરી ઠંડીએ સૌ કોઈને ઘરમાં પુરાવા માટે મજબુર કર્યા હતા. ગઈકાલે પણ ઠંડીનો પારો ૭.૩ ડીગ્રી રહ્યો હતો જયારે ઠંડીની સાથે પવનની ગતિ પણ પ્રતિકલાક ૧૧ કી મી ની ઝડપે રહેતા શહેરીજનો અસહ્ય ઠંડીમાં ઠંઠવાયા હતા.

ગાંધીનગરમાં આ વર્ષે શિયાળાની મોસમ નગરજનો માટે વધુ આકરી પુરવાર થઈ છે. અગાઉ ગત મહીનામાં લઘુત્તમ તાપમાન ૬.૫ ડીગ્રીએ પહોંચી જતા છેલ્લા એક દાયકાની સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી જયારે છેલ્લા એક સપ્તાહથી ઠંડીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા આક્રમક કોલ્ડવેવથી નગરનુ જનજીવન પ્રભાવિત છે. શિયાળાની ઠંડીના દિવસોમાં વારંવાર વાતાવરણમાં પણ નાટયાત્કમ પલ્ટો જોવા મળે છે. જેના લીધે વાતાવરણમાં બદલાવ પણ ઠંડીનુ જોર વધારે છે. વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા વરસતા શહેરમાં વાદળો દુર થતા જ ઠંડી વધુ આકરી બને છે. સતત સપ્તાહ દરમિયાન ઠંડીનો પારો ઉગ્ર રહ્યા બાદ આજે એક અઠવાડીયાના અંતે ઠંડીનુ જોર થોડુ હળવુ થયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હવે સંજીવની રથ પણ ફરતા કરવામાં આવ્યા

**સંજીવની રથ દર્દીઓના ઘરે જઈ તેમને તપાસી અને કોરોનાની દવાની કીટ આપશે**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ વધતાં જ તંત્રએ જિલ્લાના ચારેય તાલુકામાં ધન્વન્તરી રથ ઉપરાંત સંજીવની રથ પણ ચાલુ કરવાનો નિર્ણય કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો વધતાં જ તંત્રની ચિંતામાં વધારો થયો છે. ખાસ કરીને મહિલા-બાળ દર્દીઓની સંખ્યા વધી રહી છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ દર્દીઓ હોમ આઈસોલેશનના વિકલ્પને પસંદ કરી રહ્યા છે.

આરોગ્ય સેવાઓને ગ્રામીણ વિસ્તારમાં સઘન બનાવવા માટે આ વખતે સંજીવની રથનું ભ્રમણ પણ શરૂ કરવામાં આવ્યું છે. સંજીવની રથ એ દર્દીના ઘર સુધી જશે અને તેને દવાની કીટ આપશે તેમજ તેના આરોગ્યની ચકાસણી કરશે. એ સિમ્ટોમેટીક પેશન્ટ હશે તો તેની રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટેની કીટ આપશે.

જિલ્લામાં ગાંધીનગર-કલોલમાં કોરોનાના દર્દીઓ વધુ નોંધાયા હોવાથી બે-બે સંજીવની રથ ભ્રમણ કરશે જ્યારે માણસા અને દહેગામમાં એક-એક રથ ભ્રમણ કરશે. આ રથોનું ભ્રમણ શરૂ કરી દેવામાં આવ્યું હોવાનું પણ તંત્રના સૂત્રોએ કહ્યુ છે.

ધન્વનતરી રથમાં સામાન્ય દર્દીઓની ચકાસણી અને ઉકાળા વિતરણ કરવામાં આવે છે. સંજીવની રથમાં કોવિડગ્રસ્ત દર્દીની ચકાસણી કરાશે. તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે ઈ.સંજીવની પ્રોજેક્ટ પણ કાર્યરત છે. જેના પર નિષ્ણાત તબીબો દ્વારા સારવાર માટેનું માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

# કોરોના સંક્રમણ ઘટશે તો મુલત્વી રાખેલી વાયબ્રન્ટ સમિટ ૨૦૨૨ના મધ્યમાં યોજાશે

**વિધાનસભાની ચૂંટણી આવતી હોવાથી સરકાર સંપૂર્ણ બજેટ રજૂ કરી લોકોને પ્રોત્સાહન આપવા તૈયાર, સમિટના કારણે સરકાર ચૂંટણીમાં ફાયદો શોધે છે**

ગાંધીનગર

કોરોના સંક્રમણ ઘટશે તો રાજ્ય સરકારે એવું નક્કી કર્યું છે કે ૨૦૨૨ના મધ્યમાં વાયબ્રન્ટ સમિટ યોજવામાં આવશે. સરકારે હાલ આ સમિટને મુલત્વી રાખી છે. બીજી તરફ વિધાનસભાની ચૂંટણી આવતી હોવાથી સરકાર સંપૂર્ણ બજેટ રજૂ કરીને ચૂંટણીમાં ફાયદો થાય તેવી પ્રજાકીય યોજનાઓ બનાવવાના કાર્યમાં વ્યસ્ત બની છે.

રાજયમાં હાલ કોરોના અને ઓમિક્રોનના કેસોની સંખ્યા વધી રહી છે. રાજયનું બજેટ ફેબ્રુઆરીના મધ્યમાં એટલે કે ૧૫ થી ૨૫ તારીખ વચ્ચે જાહેર થશે અને સત્ર માર્ચ મહિના સુધી ચાલવાનું છે પરંતુ જો કોરોના કેસોની સંખ્યા વધશે તો મર્યાદિત તારીખમાં બજેટ પૂર્ણ કરાશે. આ વખતે બજેટની રજૂઆત ઓનલાઈન થાય તેવી પણ સંભાવના છે.

સરકારે ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન મહાત્મા મંદિરમાં વાયબ્રન્ટ સમિટ યોજવાની જાહેરાત કરી હતી પરંતુ કોરોનાના કેસો વધતાં સરકારે આ સમિટને મુલત્વી રાખી હતી પરંતુ ઉદ્યોગ વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે વિધાનસભાની ચૂંટણી આવતી હોવાથી સરકાર માટે વાયબ્રન્ટ સમિટ મહત્વની બની જાય છે. સરકારે ૭૦ ટકા કામગીરી તો પૂર્ણ કરી છે. જો કેસોની સંખ્યા ઘટશે તો અમે સમિટ અંગે પુનવિચાર કરી શકીએ તેમ છીએ, જો કે આ સમિટનું સ્વરૂપ બદલાઈ પણ શકે છે.


તેમણે જણાવ્યું કે હાલના તબક્કે ઉત્તરાયણ પર્વની ઉજવણી, કોરોનાના વધતાં સંક્રમણને રોકવા માટેની ગાઈડલાઈનના કડક પાલન અને લોકોના આરોગ્યની જાળવણી, આરોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથોસાથ લોકોને સારામાં સારી સુવિધાઓ પૂરી પાડવા જેવી બાબતો, ગુજરાત સરકારની પ્રાથમિકતા છે. તે દરમ્યાનમાં જ રાજયનું નાણા વિભાગ, અન્ય સરકારી વિભાગોના સહયોગથી રાજ્ય સરકારનું વર્ષ ૨૦૨૨-૨૩ માટેનું વાર્ષિક બજેટ તૈયાર કરવામાં વ્યસ્ત છે.

# પંચદેવ મંદિર આજથી ૨૨ જાન્યુઆરી સુધી બંધ રહેશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં કોરોનાના વધતા સંક્રમણને પગલે પંચદેવ મંદિર આજથી આગામી ૨૨મી જાન્યુઆરી સુધી દર્શનાર્થીઓ માટે બંધ રહેશે. કોરોનાના કેસો વધતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## વડનગરા નાગર દુઃખદ અવસાન



અમારા વડીલ સ્વજન **શ્રી જનાર્દન બાબુરાય બક્ષીનું (નિવૃત્ત સંયુક્ત સચિવ, ગૃહ વિભાગ, સચિવાલય)**નું દુઃખદ અવસાન તા ૧૧/૧/૨૦૨૨, મંગળવારના રોજ થયેલ છે.

**વર્તમાન પરિસ્થિતિને લઈને સદગતને શ્રધ્ધાંજલી ઓનલાઇન આપવા માટે**

https://www.soulprints.in/tribute/Janardan-Bakshi-4

**નિર્મળા બક્ષી**

**રાજીવ - સોનલ બક્ષી હીના - સુધીર દેસાઈ**

**સ્વ.જ્વલંત - સ્વ.પલ્લવી બક્ષી**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com